# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/પરચ/૨૦૧૯/૪૬૪

તા.૨૨/૧૧/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

વિષય : અનુસૂચિત જાતિના ધો.૯ માં ભણતા વિદ્યાર્થીને જાતિ પ્રમાણપત્ર શાળાઓમાં આપવા અંગે.

સંદર્ભ : નાયબ નિયામકશ્રીની કચેરી(અ.જા), ભાવનગરના પત્રાંક :
ના.નિ/ભાવ/જા.પ્ર./૨૦૧૯-૨૦/૧૦૯૯૯-૧૧૦૭૯ તા.૧૮/૧૧/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્ર ઝડપથી અને સમયમર્યાદામાં શાળા મારફત જ મળી રહે તે માટે દરેક શાળાઓએ ધો.૯ અને ધો.૧૦માં અભ્યાસ કરતાં હોય તેવા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની દરખાસ્ત સંદર્ભિત પત્ર મુજબ સમયમર્યાદામાં નાયબ નિયામકશ્રીની કચેરી(અ.જા), ભાવનગરને બિનચૂક કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>બિડાણ</u> : ઉપર મુજબ

Scanned by CamScanner

નાયબ નિયામકશ્રીની કચેરી (અ.જા)
બહુમાળી ભવન, એનેક્ષી બીલ્ડીંગ, જી-૫, ભાવનગર
ફોન/ફેકસઃ૦૨૭૮-૨૫૧૫૭૨૯ E-Mail:swo-bav@gujarat.gov.in

નં.ના.નિ/ભાવ/જા.પ્ર./૨૦૧૯-૨૦/ ૧૦૯૯૯થી ૧૧૦૭૯ તા.૧૮/૧૧/૨૦૧૯

---

પ્રતિ,

આચાર્યશ્રી,

......................................

......................................

મુ. ભાવનગર.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
આવક નં. ૭૧૨૪
તારીખ: ૨૧/૧૧/૧૯
શાખા: ........

વિષયઃ- અનુસૂચિત જાતિના ધો.૯ માં ભણતા વિદ્યાર્થીને જાતિ પ્રમાણપત્ર શાળાઓમાં આપવા અંગે.

સંદર્ભઃ-(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ક્રમાંકઃ અજાપ/૧૦૨૦૧૦/૩૬૩૪૪૬/ હ/સચિવાલય, ગાંધીનગર તા. ૨/૮/૧૦

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ક્રમાંકઃ અજાપ/૧૦૨૦૧૦/૩૬૩૪૪૬/હ તા. ૧૦/૧/૨૦૧૪

સવિનય સાથ ઉપરોકત વિષયે અને સંદર્ભે જણાવવાનું કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્રો ઝડપથી અને સમય મર્યાદામાં આપની શાળા મારફત જ મળી રહે. તે માટે શાળાઓ પાસેથી ધો.૯ તથા ધો. ૧૦માં અભ્યાસ કરતાં હોય તેવા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની દરઆસ્ત મંગાવવામાં આવે છે. આ કાર્યવાહી જાન્યુઆરી-૨૦૨૦ માં પૂર્ણ કરવાની થાય છે. થયેલ ફેરફાર મુજબની બાબતો ધ્યાને લઇ નિયત સમયમર્યાદા નિયત નમૂનામાં અને અરજી પત્રકમાં મંગાવવા મુજબના સાધનિક દસ્તાવેજો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

(૧) આચાર્યશ્રી આ અંગે સત્વરે વિદ્યાર્થી/વાલી પાસેથી પ્રમાણપત્ર અંગે જરૂરી દસ્તાવેજો મેળવી લેવાના રહેશે.

(૨) નિયત નૂમનામાં દરખાસ્ત અત્રે કરવાની રહેશે. તા. ૩૧/૧૨/૨૦૧૯ સુધીમાં દરખાસ્ત આ કચેરીને રજુ કરવાની રહેશે.

(૩) તા.૩૧/૦૩/૨૦૨૦ સુધીમાં આ અંગે તૈયાર થયેલ આ કચેરીએથી મેળવી લેવાના રહેશે. પૂર્તતા કરવાની રહેશે.

(૪) માર્ચ-૨૦૨૦ માં પરિણામની રાહ જોયા વગર દરેક વિદ્યાર્થી/વાલીને પ્રમાણપત્રનું વિતરણ કરવાનું રહેશે. અને વિતરણ કર્યા પહોંચ અત્રેની કચેરીએ રજુ કરવાનું રહેશે.

(૫) અત્રેથી આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્ર વિદ્યાર્થીને આપવામાં આવે ત્યારબાદ વિદ્યાર્થીને આપવામાં આવતા સ્કૂલ લીવીંગ સર્ટી પાછળ જાતિ પ્રમાણપત્ર નંબર અને તારીખ તેવો સીકકા સાથે આચાર્યશ્રીએ સહી કરવાની રહેશે.

(૬) અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર, પિતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર, જો પિતાનું શાળા છોડાયાનું પ્રમાણપત્ર રજુ ના કરી શકે તેવા કિસ્સામાં સક્ષમ અધિકારીને જરૂર જણાય ત્યાં દાદા, કાકા, ફોઇ પૈકી કોઇ એકની જાતિ પુરવાર થાય તેવા દસ્તાવેજ માગી શકાય. તથા વિદ્યાર્થીના ધો.૮ના શાળા છોડયાના ની ખરીનકલ અરજી પત્રક સાથે રજુ કરવાની રહેશે.

(૭) બોના ફાઇડ સર્ટી ફરજીયાત સાથે જોડવું. અને કચેરીએથી ફોરવડીંગ લેટર સાથે જાતિ પ્રમાણપત્ર ફોર્મ મેળવી લેવા.

(૮) મુળ ગુજરાત રાજયના વતની હોય તેવા જ વાલીઓના વિદ્યાર્થીઓએ દરખાસ્ત કરવાની રહેશે.

નકકી થયેલ સમયગાળામાં કામગીરી પૂરતી સંવેદનશીલતા અને નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવાની રહેશે.

નોંધઃ- ધો. ૧૦માં જાતિ પ્રમાણપત્રની બાકી હોય તેવા વિદ્યાર્થીઓની દરખાસ્ત અલગથી કરી રજુ કરવા રહેશે. ધો. ૯ અને ૧૦માં અનુસૂચિત જાતિ ના વિદ્યાર્થી શાળામાં ન હોય તો નીલનો રીર્પોટ પણ કરવાનો રહેશે.

નાયબ નિયામક
(અ.જા) ભાવનગર

નકલ રવાનાઃ-
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, બહુમાળી ભવન, ભાવનગર.
/- તરફ જાણ સારૂ. તથા દરેક શાળાના આચાર્યશ્રીને જરૂરી સૂચનાઓ આપવા જાણ સારૂ.

Scanned by CamScanner